## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ચાલ્યા જતા પ્રસંગની એકાદ ક્ષણ રહે
તોપણ પુરા પ્રસંગનું વાતાવરણ રહે !

જો દ્રષ્ટિ સ્થિર થાશે તો જોઇશ ધરાઇને,
પણ ત્યાં સુધી એ રૂપ ઉપર આવરણ રહે !

- જવાહર બક્ષી

### પાથેય

- રમેશ ઠક્કર

## સ્વછબીની સહેલગાહ

કશુંક સાચવી લેવાની આપણી તાલાવેલીના અનેક અંદાજ છે. ઓટોગ્રાફને આપણે સ્વહસ્તાક્ષર કહીએ તો સેલ્ફીને સ્વછબી કહી શકાય ?.અમારા જમાનામાં કોઈ નામાંકિત વ્યકિતને મળીએ તો મોકો મળતાં જ એનો ઓટોગ્રાફ મેળવવાની લાલચ અચુક રહેતી..આજની પેઢી જેમ કોઇ સેલિબ્રિટી ને જોઈ તુરત સેલ્ફી માટે સજજ થઈ જાય છે એમ જ...!રિશ્તા વહી અંદાજ નયા..!

કિશોરકાળે અને મુગ્ધકાળે મને સાહિત્યકારોને મળવાની બહુ તાલાવેલી રહેતી...ગામની અમારી શાળામાં મેં જેમને ખુબ ધરાઈને વાંચ્યા હતા એવા 'મિયાં ફૂસકી'ના સર્જક જીવરામ જોશીને અમદાવાદમાં એમ.જે.લાયબ્રેરીમાં મળ્યો ત્યારે એમણે નિખાલસતાથી મારી સાથે ઘણી વાતો કરી..એમની સાથે ચાલવાનો મોકો પણ મળ્યો...એ સમગ્ર રોમાંચના આનંદમાં એમનો ઓટોગ્રાફ લેવાનું રહી જ ગયું..!

પણ આવી ભુલ પન્નાલાલ પટેલને મળ્યો ત્યારે ના કરી ! સૌપ્રથમ મેં એમના હસ્તાક્ષર હસ્તગત કરી જ લીધા..!એક કાર્યક્રમમાં નિરંજન ભગતનો ઓટોગ્રાફ સહજ મળ્યો..એમની સહિ એટલે જાણે અક્ષરની ડિઝાઇન! મોહમ્મદ માંકડે ઓટોગ્રાફની સાથે સરસ વાક્ય પણ લખી આપેલું "જે ગાડી નાના સ્ટેશનો એ ઉભી રહે છે એ લક્ષ્ય પર મોડી પહોંચે છે.." જે મારા જીવનમાં ખુબ ઉપયોગી નિવડયુ...

રજનીકુમાર પંડયાના હસ્તાક્ષર અને સ્વહસ્તાક્ષર બંનેમાં હંમેશાં ઉમળકો અનુભવ્યો છે..ચંદ્રકાંત બક્ષીના મરોડદાર અક્ષરોમાં બનાસની અનેરી સુગંધ અનુભવી હતી...એ જમાનો ઓટોગ્રાફનો હતો ..હવે બધા સેલ્ફી લે છે... જય વસાવડા કે કાજલ ઓઝા વૈદ્ય જેવા આજના લોકપ્રિય લેખકો એમના ચાહકોને હોંશથી સેલ્ફી આપે છે..જયભાઇ તો પોતે પણ એ શેઅર કરે છે...અને ચાહકોને બિરદાવે છે..આજના બીજા લેખકો પણ સેલ્ફીની બાબતે ઉદાર જ છે..

આજે કોઇ વિધ્યાર્થી કે યુવાનને કોઇકની સાથે સેલ્ફી લેતાં જોઉં છું તો મને અમારી એ મુગ્ધતાના દિવસો યાદ આવી જાય છે...સેલ્ફીની મજા અલબત્ ઓટોગ્રાફ જેવી નથી...! એ કોઇક ગેલેરીમાં ગોઠવાઈ જાય છે...એની અસર અમીટ નથી..ઓટોગ્રાફ આપણી ડાયરી કે અંગત પાનાઓમાં કાયમી યાદ બનીને સચવાઈ જાય છે..જોકે દરેક પેઢીને પોતપોતાની સ્ટાઇલ મનગમતી લાગે..પણ સેલ્ફીના સંચાર પછી ઓટોગ્રાફનો ગ્રાફ સતત નીચો જતો ગયો છે એ નકકી...!!

# સ્વધર્મમાં પાછા ફરવું એક શકવર્તી ઘટના

### તંત્રીસ્થાનેથી...

મધ્યપ્રદેશમાં ગૌમૂત્ર અને ગાયના છાણ વડે સ્નાન કરી કેટલાક મુસલમાન પરિવારોએ વિધિ વિધાનપૂર્વક ધર્મગુરુની નિશ્રામાં ધર્મપરિવર્તન કર્યું એ સમાચાર હિંદુત્વના સમર્થકોને જરૂર પોતાના મિશનમાં સફળતા સમાન લાગશે. ભારતીય જનતા પાર્ટીની સરકાર હોઈ ધર્મ પરિવર્તન અંગેનાં કડક પ્રાવધાન પણ એમને નહીં જ નડ્યાં હોય બલકે એ ઘટનાને 'હિંદુ રાષ્ટ્ર'ની દિશામાં ભારતીય મુસલમાનો દ્વારા લેવાયેલા એક સીમા ચિહ્ન રુપ કદમ પણ ગણી લેવાય તો નવાઈ નહીં. મહત્ત્વની બાબત એ છે કે ચુસ્ત રૂઢિવાદી હિંદુ સમાજ આ નવા હિંદુઓને ખરા અંતઃકરણથી આવકારશે ખરો ? હિંદુ સમાજમાં વર્ણાશ્રમ વ્યવસ્થા છે. નવા હિંદુ બનેલા એ મુસલમાનોને કઈ કેટેગરીમાં સમાવેશ થશે તે કદાચ ખુદ એ લોકોને ક એમને પ્રેરણા આપનાર ધર્મગુરુને પણ ખબર નહીં હોય. આ મુસલમાનો થોડી પેઢી પૂર્વે હિંદુ જ હતા અને કોઈ કારણસર એમના વડવાઓએ ઈસ્લામ અંગીકાર કર્યો હતો. બનવાજોગ કે એમને ધર્મપરિવર્તન કરવાની મજબૂરી ઊભી થઈ હોય. તલવારના જોરે ફેલાયેલા ઈસ્લામના ઝનૂની અભિગમનો એ ભોગ બન્યા હોય. પાકિસ્તાન અને આપણા કાશ્મીરમાં પણ જીવવું હોય તો ઈસ્લામ અંતીકાર કરવાની શરત મૂકમાં આવતી રહી છે. ઘણા હિંદુ પરિવારોએ કટ્ટરપંથી મુસ્લિમ શાસન હેઠળ પોતાનો ધર્મ છોડી દઈ શાંતિથી જીવવાનો વિકલ્પ સ્વીકારેલો છે એ હકીકત નકારી શકાય તેમ નથી. હજી પણ પાકિસ્તાની હિંદુઓ માથા પર લટકતી તલવાર જેવી હાલતમાં જીવી રહ્યા છે. કાશ્મીરી પંડિતોની સામૂહિક હિજરત અને કત્લેઆમ વખતે પણ જેમણે પોતાની બહેનદિકરીઓ મુસલમાનોને સોંપી દઈ ઈસ્લામ અંગીકાર કર્યો તે બચી ગયા હશે. કાશ્મીરી મુસલમાનોમાં 'ભટ' જેવી અટકો અકબંધ રહી છે. પાકિસ્તાનના જનક મૂળે તો બે પેઢી પહેલાનાં હિંદુ પૂર્વજોનું ફરજંદ હતા. હિંદુ ધર્મ એટલો ચુસ્ત અને સંકુચિત રહ્યો છે કે ખુદ પોતાના જ એક મોટા સેવક સમુદાયને શુદ્ર ગણીને અસ્પૃશ્ય માનતો રહ્યો. પરિણામે વિદેશી શાસકો અને મિશનરીઓ માટે એ સમુદાય 'સોફ્ટ ટારગેટ' બની ગયો. ગુજરાતમાં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા વ્યાપક પ્રમાણમાં ધર્મપરિવર્તન થયેલ છે. મોડે મોડે આવા ઉપક્રમો સામે સામે હિંદુત્વવાદીઓ દ્વારા શરૂ થયેલા વિરોધને ભારતીય જનતા પાર્ટી અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું સુરક્ષા કવચ સાંપડ્યું છે. હિંદુ ધર્મના ધર્માધ્યક્ષોએ કયારેય આવો વિચાર તો કર્યો જ ન હતો કે મુસલમાન કે ખ્રિસ્તી થઈ ગયેલા પોતાના લોકોને પાછા લાવી સમ્માનપૂર્વક હિંદુ તરીકે સ્વીકારવા. માત્ર દયાનંદ સરસ્વતી દ્વારા સ્થાપિત આર્યસમાજ આ મુદ્દે સક્રિય હતો. આર્ય સમાજમાં કેટલાક મુસલમાન પરિવારમાં જન્મેલા 'સ્વામી' પણ છે. ધર્મના આવરણ હેઠળ પ્રજાની એક આગવી ઓળખ ઊભી થતી હોય છે. સનાતન ધર્મ અનેક સંકટો પાર કરીને પણ અકબંધ જરૂર રહ્યો છે. પરંત અન્ય ધર્મોની જેમ એમાં 'પ્રચાર'નું તત્ત્વ નથી. સમ્રાટ અશોકે બૌદ્ધધર્મ સ્વીકાર્યા પછી એના પ્રચાર માટે સંઘમિત્રા તથા પોતાના પુત્રને લંકામાં મોકલ્યા હતા. બૌદ્ધ ધર્મ ભારતની સરહદો પાર કરીને ચીન, કોરિયા, અને જાપાન સુધી ફેલાયો જયારે સનાનત હિંદુ ધર્મ સંકોચાઈને ભારતમાં પણ બહુમતી સમુદાય પૂરતો સીમિત થઈ ગયો. હવે મધ્યપ્રદેશની એકલદોકલ ઘટનાઓથી જે નવો ટ્રેન્ડ શરૂ થયો છે તે કેવો આકાર ધારણ કરશે તેની આગાહી કરવી અઘરી છે.

# જામીન અરજ અંગેના ચુકાદા કેસમાં પ્રભાવ પાડનારા ના હોવા જોઈએ - સુપ્રિમ કોર્ટ




જામીન અરજ નામદાર કોર્ટ સમક્ષ કોઈ ગુનાનાં આરોપીને રજુ કરવામાં આવે તો તેના ચુકાદા સમયે ન્યાયાધિશોને પોતાની વિવેકબુધ્ધિ તથા કાયદાની કલમો પ્રમાણે ચુકાદો આપવાની નિર્ણય લેવાની છૂટ હોય છે. એક જ સરખા કેસમાં એક જ સરખી કલમમાં એક જજ દ્વારા આરોપીને છોડવામાં આવતો હોય તો અન્ય કોર્ટના જજ દ્વારા તે જ પ્રકારનાં કેસનાં આરોપીને જામીન મુક્ત ના પણ કરવામાં આવે, આવો નિર્ણય જે તે જજની નિર્ણય શક્તિ ઉપર હોય છે, પરંતુ આવા નિર્ણયો કાયદા સાથે સુસંગત હોવા જોઈએ. કેટલીકવાર જામીનમાં એવી શરતો મૂકવામાં આવતી હોય છે કે જ્યારે કેસનો આખરી નિર્ણય આવે અને આરોપી નિર્દોષ છૂટી જાય ત્યારે જામીન અરજીની શરતો મુજબ કરેલ સેવા બિન વ્યાજબી કે સજા જેવી લાગે. દા.ત. આરોપીને એક લાખ જમા કરવાની શરતે જામીન આપે તે કેસમાં નિર્દોષ પુરવાર થાય તો એક લાખનાં વ્યાજનું શું? અથવા એક માસ ગૌશાળાની સેવા કરવાની શરતે આરોપીનાં જામીન મંજુર કરે અને ત્યારબાદ કેસ ચાલતા આરોપોમાંથી નિર્દોષ પુરવાર થાય તો આરોપીએ એક માસ કરેલ સેવાનો શો અર્થ ? એનો અર્થ એ થાય કે, આરોપી નિર્દોષ હોવા છતાં તેને પરાણે એક માસ ગાયોની સેવા કરવી પડી હતી.

અમુક કેસનાં ચુકાદા વિવાદનું કારણ બની સમાજમાં ચર્ચાનું ઉગ્ર સ્વરૂપ પકડતા હોય છે અને સામાજીક, ધાર્મિક મતભેદ સર્જાતા હોય છે. તેમજ કોમ-કોમ વચ્ચે વૈમનસ્ય પણ ફેલાવવામાં પણ કારણભૂત બનતા હોય છે. મોટા ભાગે જજો આવા નિર્ણયો ઠોકી બેસાડતા હોય તેમના ચુકાદાઓમાં ધ્યાન રાખવું જોઈએ, તેવું તાજેતરમાં સર્વોચ્ચ અદાલતે ટીપ્પણી કરી છે.

જામીન અરજી લગત હુકમોમાં ન્યાયાધિશો વ્યક્તિગત લિબર્ટી અને ડિસ્ક્રેશનરી પાવર ધરાવે છે. તેથી તેમણે આપેલા ચુકાદાઓ ઉપર ટીકા-ટીપ્પણીનો અવકાશ રહેતો નથી, પરંતુ ક્યારેક નિર્દોષ વ્યક્તિને સજા જેવું લાગતા અથવા તેમના અહમનો ટકરાવ થતા આવા ચુકાદાને પડકારી રદ બાતલ કરતા હોય છે. ત્યારે નીચલી કોર્ટે કરેલા અવલોકનો અને તારણો નિરર્થક પુરવાર થાય છે.

તાજેતરમાં ૨૬ યુવાનોની છેડતીનો ભોગ બનનાર યુવતીને ન્યાયાધિશે આરોપીઓને રાખડી બંધાવે છે. શું રાખડી બંધાવવાથી આરોપીઓ સુધરી જવાના ! આવા હુકમથી છેડતીનો આરોપીઓ મહિલાનો ભાઈ બની જાય ! અને તેનું રક્ષણ કરવા લાગશે. જાહેર છેડતીનો ભોગ બનનાર મહિલાનાં અત્યાચારનાં કેસમાં પીડીતાની માફી માંગવાની કે, જાહેર સેવા કરવાની શરતે જામીન મંજુર ના કરવા માટે પણ સર્વોચ્ચ અદાલતે ન્યાયાધિશોને સૂચના આપેલી છે. કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો, માપદંડો અને ન્યાયીક પ્રક્રીયાને અનુસર્યા સીવાય મનઘડત, મનસ્વી રીતે જામીનની શરતો આરોપીને જામીન મુક્ત કરતા લાદી શકાય નહી તે કુદરતી ન્યાયીક પ્રક્રીયાની વિસંગત છે.

કેટલાક કિસ્સામાં આરોપીને અનાથ આશ્રમ કે વૃધ્ધાશ્રમમાં અઠવાડીયામાં બે-ત્રણ દિવસ સેવા કરવાનું ફરમાન કરવામાં આવે છે અથવા તો હોસ્પિટલની સફાઈ કરવાનું ફરમાવવામાં આવે છે અને જામીન મુકત કરવામાં આવે છે. આવા કિસ્સામાં કેસ ચાલતા આરોપી નિર્દોષ છૂટે તો તેણે કરેલ સેવાને સજા ગણવી કે કેમ ? તે પણ પ્રશ્ન ઉભો થાય છે. કેટલાક કિસ્સામાં સમાધાન માટે કેસ બોર્ડ ઉપર મુકવામાં આવે તો આરોપીને નિર્દોષ છોડવામાં કાયદાકીય પ્રક્રીયા અનુસરવાની જગ્યાએ વેલફેર ફંડમાં દંડ તરીકે ચોક્કસ રકમ જમા કરવાનો કે ગૌશાળામાં દાન કરવાની શરતે પાવતી કોર્ટમાં જમા કરવાથી સમાધાન મંજુર કરવામાં આવે છે. આવી શરતો કાયદાકીય પ્રક્રીયાનો ભાગ નથી તથા કાયદાની જોગવાઈને વિસંગત છે.

સોશ્યલ મિડિયામાં ઉસ્કેરણીજનક પોસ્ટ વાયરલ કરનારના જામીન મુકત કરનાર ન્યાયાધીશે હિન્દુ અરજદારને પાંચ કુરાન ભેટ આપવાની શરતે જામીન મુક્ત કરવા હુકમ કરેલ. આવી શરત ન્યાયીક પ્રક્રીયાની કાયદાકીય જોગવાઈની બિલકુલ વિરૂધ્ધની છે.

જામીન અરજી ઉપરનો ચુકાદા કેસનાં ભવિષ્ય ઉપર પ્રભાવ પાડનારો કે આરોપી નિર્દોષ છૂટે તો તેના ભવિષ્ય ઉપર સવાલ કરનાર ના હોવા જોઈએ. સમાજમાં પુનઃ સ્થાપિત થતાં મુશ્કેલીરૂપ ચુકાદા આરોપી તરફેણમાં આપવા સામે માનવ અધિકાર પંચમાં વારંવાર લેખિતમાં રજુઆતો ઘણાં સંગઠનો મારફત કરવામાં આવે છે. કેટલીક વખત ધર્મ, જ્ઞાતિ, સંસ્થા, સંસ્કૃતિ તથા કેટલાકની આસ્થા સાથે જોડાયેલ હોય તેવા કેસમાં ભારતીય સંસ્કૃતિ કે ધર્મ, જાતિ વિરૂધ્ધ શરતો મૂકી આરોપીનું માનહાની કરી શકાય નહી. જેથી કરીને તેને સમાજ જીવનમાં પુનઃ સ્થાપિત થવામાં આવા ચુકાદા વિઘ્નરૂપ બને. માનવીય અભિગમ અને તેના મૂળભૂત અધિકારોનું હનન ના થાય તેવી શરતો યુક્ત જામીન પર મુકત કરવા જોઈએ.

કાયદાનાં દંડથી નહી પરંતુ અનુભુતિ આધારિત માનસ પરિવર્તન, હૃદય પરિવર્તન આરોપીનું થાય એ રીતે શરતોમુકત જામીન મુકત કરવો જોઈએ. જેથી કરીને ભવિષ્યમાં ગુનો કરવા ના પ્રેરાય અથવા નવા ગુનેગારો પેદા ના થાય. કાયદાનો ભય જરૂર હોવો જોઈએ, પરંતુ માનવ અધિકાર અને મૂળભૂત અધિકારોનું હનન થતી શરતોથી જામીનના ચુકાદાઓ આપી શકાય નહિ.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

### દિન મહિમા

- ઝીરો સેડો ડે
- ૧૯૮૩ – અવકાશયાન પાયોનીયર ૧૦ સૌરમંડળની બહાર જનાર પ્રથમ માનવનિર્મિત પદાર્થ બન્યું.

### આજનું ઔષધ

- ઉધરસ અને ખાંસીમાં કુંવારપાઠુંનો રસ ફાયદા કારક છે

### ખડખડાટ

- એક ડોકટરે ગુજરાતીને પૂછ્યું : તમને કયો ખોરાક પચવામાં ભારે લાગે છે ? ગુજરાતી ગોળ ધાણાં.... ૨૫ વર્ષ પહેલાં ખાતા હતા, હજી એ નથી પચ્યા....

### આજનો વોટ્સએપ

- બે વાતોથી બચીને રહેવું,
૧ - મારે કોઈ ની જરૂર નથી એવો અહંમ
૨ - બધા ને મારી જરૂર છે તેવો વહેમ..!!

# પળેપળનો સદ્પયોગ કરીને ઈશ્વરની રચેલી આ સૃષ્ટિને મનભરીને માણીએ




ડિયર મોનસૂન,
ગરમી કયાં હજુ એવી પડી છે,
હજુ કેટલાયના ઘમંડ ઓગળ્યા નથી...!

૪૫ ડિગ્રી થી શરુ થઈને ગરમીનો પારો છેક ૫૦ ડિગ્રી ની લગોલગ પહોંચી ગયો પણ આ બધા આંકડાઓ Social media અને Print media ને કારણે વધુ limelight માં આવ્યા! બાકી જેની પાસે ઘર નથી, આશરો નથી એ તો આજે પણ આટલી કાળઝાળ ગરમીમાં એકદમ શાંતિથી, નિરાંતે લીમડા નીચે કે આંબા નીચે ઓટલા પર કે ખાટલો ઢાળીને લંબાવી જ દે છે. અને આ આંકડાઓની જાણકારી રાખનારા ટાઢીટમ છત્ર ઑફિસોમાં, ઘરોમાં કે ગાડીઓમાં ગરમી બહુ છે!'' ની બૂમો પાડતા જણાય છે. આજકાલ નાની-નાની બાબતોમાં ખોટું લાગી જવું, રીસાઈ જવું કે અકળાઈ જવું એ નાના-મોટા તમામ માટે સમસ્યારૂપ બાબત છે. હું પણાને ભૂલીને ''આપણે'' અને ''અમે' ની ખોટ વર્તાય છે. સૌને માત્ર પોતાનો જ પ્રશ્ન મોટો લાગે છે. રુડયાર્ડ કિપ્લિંગ લિખિત કૃતિનો કુંદનિકા કાપડિયા દ્વારા કરાયેલો આ અનુવાદ ખૂબ પ્રેરણાદાયક છે :

''તારી આસપાસનાં બધા જયારે મિજાજ ગુમાવે અને તારા પર એનો દોષ ઢોળે ત્યારે તું જો મગજ ન ગુમાવે - બધા લોકો તારા પર શંકા કરે ત્યારે તું જો તારામાં વિશ્વાર રાખી શકે અને સાથે એમની શંકાશીલતાને પણ ઉદારતાથી નિભાવી શકે -

તું રાહ જોઈ શકે અને રાહ જોતાં થાકે નહીં,
કે તારા પ્રત્યે જૂઠાણાં આચરવામાં આવે ત્યારે તું જૂઠાણાં ન આચરે -

અથવા, તને ધિક્કારવામાં આવે ત્યારે તું ધિક્કારવા ન લાગે,
અને છતાં બહુ ભલા હોવાનો દેખાવ ન કરે કે ડાહી ડાહી વાતો ન કરે -

તું સપનાં સેવી શકે પણ તારો દોર એને ન સોપે, વિચાર કરે પણ વિચારોને જ તારું લક્ષ્ય ન બનાવે -

જય અને પરાજય બંનેને તું સમાનભાવે સ્વીકારી શકે; તે કરેલી સાચી વાતને, પ્રપંચી લોકો મૂર્ખાઓને ફસાવવા માટે મારી મચડીને રજૂ કરે ત્યારે એ તું સ્વસ્થપણે સાંભળી શકે અથવા જેને માટે તેં જીવન અર્પી દીધું હોય, તે બધી બાબતોને ભાંગી પડતી જુએ ત્યારે વાંકા વળી એને ઊંચકી લઈ જીર્ણશીર્ણ સાધનો વડે ફરી એનું નિર્માણ કરે -

તે જીતેલી બધી વસ્તુઓનો એક ઢગલો કરી, એને એકીવારે હોડમાં મૂકી હોડમાં મૂકી શકે અને એ બધું ગુમાવે ત્યારે એકડે એકથી ફરી શરૂ કરી શકે અને તારી હાનિ વિશે એક હરફ પણ ન ઉચ્ચરે -

તારા સ્નાયુ મનની બધી શક્તિ ગુમાવી દે અને તારું શરીર તદ્દન ચેતન્યવિહોણું બની જાય ત્યારે પણ તારું મનોબળ તેમને કહેઃ અડીખમ રહેજો -

ટોળામાં સાથે તું વાતચીત કરે અને છતાં તારી ભદ્રિકતા જાળવી રાખે, કે રાજવીઓ સાથે હળભળે છતાં સામાન્યનો સંસ્પર્શન ગુમાવે -

દુશ્મનો કે પ્રેમાળ મિત્રો તારી લાગણી કદી ન દૂભવી શકે, બધા લોકો તારો સંપર્ક સાધે પણ ઘનિષ્ઠતા કોઈનીય ન હોય - કઠોર પળને તું જો સાર્થક વિપળથી ભરી દઈ શકે -

તો આ પૃથ્વી તારી છે, એમાં જે છે તે બધું તારું છે, અને સૌથી વધુ તો, મારા પુત્ર, તું માનવ બન્યો હોઈશ.''

આપણને મળેલું આ અમૂલ્ય જીવન અને મનુષ્ય અવતાર કોઈના ભલા માટે કે કોઈના ઉપયોગમાં આવે તો જ આપણો અવતાર લેખે લાગે. માતા, પિતા, મિત્રો, ભાઈ-બંધુઓ, શિક્ષકો, માર્ગદર્શક આ તમામ ઉપરાંત આપણા માટે અનાજ-કાપડ વગેરે પેદા કરનાર, મકાન ચણનાર અને આવા કેટલાય લોકોની સેવાઓ નાનપણથી જ આપણને મળતી રહે છે. તો આપણે પણ આપણાથી બનતી બીજાઓની સેવા કરીએ તો જ સમાજમાં સંતુલન જળવાઈ રહે. આમ કરવાથી આ તમામ સેવા આપનારાના ઉપકારનો બદલો વળી રહેશે, એમ નથી. પણ છતાં આપણે કોશિશ તો જરુર કરવી પડશે. વૉલ્ટ ડીઝની લખે છે, ''મારી આટલી બધી ખ્યાતિ પણ મારી દીકરી પાસેથી આજ્ઞાપાલન કરાવવામાં મને સહાયરૂપ નીવડતી નથી. તો પછી મને લાગે છે કે જગવિખ્યાત બનવામાં બહુ માલ નથી!'' આપણે કેટલા સુખી, સમૃદ્ધ કે જગવિખ્યાત છીએ તે અગત્યનું નથી પણ મહત્ત્વની બાબત એ છે કે જગતમાં આવવાનો આપણો ઉદ્દેશ શું છે? નાની-નાની વાતોની ફરિયાદ કરવાને બદલે જે મળ્યું છે એનો સર્વશ્રેષ્ઠ ઉપયોગ કરતા શીખીએ.

નાની-નાની વાતમાં લડી પડવું, મનમાં ને મનમાં ઘૂંટાઈને જીવવું, નજીવી બાબતમાં આત્મહત્યા જેવું અંતિમ પગલું લઈ લેતાં પણ ન અચકાવું એ આપણામાં રહેલા હું પણાના અતિરેકનું જ પરિણામ છે. જીવન ખૂબ સુંદર છે, માણવાયોગ્ય છે માટે પળેપળનો સદ્પયોગ કરીને ઈશ્વરની રચેલી આ સૃષ્ટિને મનભરીને માણીએ.

"Do not linger
to gather flowers to keep them,
but walk on,
for flowers will keep themselves
blooming all your way"

- નેહલ જયદીપ ગઢવી
- nehalgadhavi101@gmail.com

# કડીના છગનભા અને માણેકલાલ પટેલ : વાત શિક્ષણક્ષેત્રે ઉજળું કામ કરનારા બે વિદ્યા-તપસ્વીઓની...




ગુજરાતમાં શિક્ષણનું ક્ષેત્ર વિકસ્યું, લોકો શિક્ષણ લેતા થયા, શિક્ષણને કારણે સમાજનું જીવનધોરણ ઊંચું આવ્યું, સમાજ પ્રગતિશીલ બન્યો, તેનાં આમ તો અનેક કારણો અને સંખ્યાબંધ પરિબળો, પરંતુ તેમાં બે સૌથી મહત્ત્વવનાં.

પહેલું પરિબળ એટલે પેટે પાટા બાંધીને, ગરીબી સહન કરીને, ભૂખ્યાં રહીને, સોનાના દાગીના કે જમીન ગિરવે મૂકીને, વેચીને, ભૂખ્યાં રહીને પોતાનાં સંતાનોને ભણાવનારાં લાખો-કરોડો માતા-પિતા. ભારત કે ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે જે પ્રગતિ થઈ છે તેનો ખરો યશ આવાં લાખો માતા-પિતાને જાય છે. તેઓ પોતે કોઈને કોઈ કારણથી ના ભણી શક્યાં



પણ પહાડ જેવાં દુઃખો સહન કરીને તેમણે પોતાનાં સંતાનોને ભણાવ્યાં.

શિક્ષણ ક્ષેત્રની ગતિ અને પ્રગતિ માટે બીજું મહત્ત્વનું પરિબળ એટલે ગુજરાતના એવા વિદ્યા-તપસ્વીઓ જેમણે પોતાની જાત ઘસીને શિક્ષણ અને કેળવણીનું કાર્ય કર્યું. અનેક પડકારોને નાથીને તેમણે શિક્ષણનું વાતાવરણ ઊભું કર્યું અને સમાજને વિદ્યાના અજવાળા તરફ લઈ ગયા. એમાં નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી, જુગતરામ દવે, મનસુખભાઈ જાબનપુત્રા, ભાઈકાકા એટલે કે ભાઈલાલભાઈ પટેલ, મોતીભાઈ ચૌધરી, ડોલરભાઈ માંકડ, નાગજીભાઈ દેસાઈ, માલજીભાઈ દેસાઈ, રામજીભાઈ વહોરા, મનસુખ સલ્લા, નારાયણ દેસાઈ, કુલિનચંદ્ર યાજ્ઞિક, રામલાલભાઈ પરીખ વગેરેનો સમાવેશ કરી શકાય. આમાં એવાં પણ બે નામો છે જેમણે શિક્ષણ માટે આખું જીવન સમર્પિત કરીને સમાજને મોટું પ્રદાન કર્યું.

એ બે નામો એટલે સામાજિક ક્રાંતિના પ્રણેતા છગનભા અને બીજા કર્મચૂડામણિ માણેકલાલ પટેલ. ગુજરાતની ૫૯ (ઓગણસાઈઠ) યુનિવર્સિટી પૈકીની એક યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય (ગાંધીનગર અને કડી)ના આ બે પાયાના પત્થરો છે. એક મૂળ છે, તો એક થડ છે. એકે પાયો નાખ્યો, બીજાએ તેના પર ઈમારત બાંધી. ગુજરાતમાં એક બાજુ રાજકારણીઓ-બિલ્ડરો કે શ્રીમંતો દ્વારા ચલાવતાં શૈક્ષણિક સંકુલો છે જેમાં ચલણી નોટો છાપવાનું પ્રયોજન મુખ્ય છે. શિક્ષણને રીતસરનો નહીં, પણ ખોટી રીતનો ધંધો બનાવી નાખનારાં આવાં શૈક્ષણિક સંકુલો જોઈને આપણો જીવ બળે. એવું થાય કે જુઓ આ લોકો સરસ્વતી માતાને પણ છોડતા નથી ! આપણો આવો રોષ કે ગુસ્સો કડી સર્વ વિશ્વવિદ્યાલય જેવી સંસ્થા જોઈને ઓછો થાય. આશ્વાસન મળે કે બધું ખાડે નથી ગયું. આશા બંધાય કે શિક્ષણ ક્ષેત્રમાં સાવ નાહી નાખવા જેવું નથી.

છગનભા અને માણેકલાલભાઈએ એવું તો શું કર્યું કે તેમના કાર્ય-પ્રદાનની ઈતિહાસે નોંધ લેવી પડે ?

'કર ભલા હોગા ભલા'નું સૂત્ર જેમણે પોતાના જીવનમાં ચરિતાર્થ કર્યું હતું. લોકોમાં તેઓ છગનભા તરીકે જાણીતા હતા. ૧૧મી નવેમ્બર, ૧૮૬૩માં જન્મેલા છગનભાનું પૂરું નામ હતું છગનલાલ પિતાંબરદાસ પટેલ.

સરઢવ નામના ગામમાં ચૂસ્ત કબીરપંથી ભક્તના ઘરે તેઓ જન્મેલા. ૧૮ વર્ષ સુધી તો તેઓ ભણવા જ નહોતા બેઠા. (વિચાર તો કરો... ૧૮ વર્ષ સુધી શાળાએ ના જનારી વ્યક્તિના નામે કે બહાને ભવિષ્યમાં એક આખી યુનિવર્સિટી થવાની હતી !) જોકે ભણવાનો એવો દૃઢ નિર્ધાર કર્યો કે માત્ર દશ મહિનામાં ચાર ધોરણ સુધીનું ભણી લીધું. ૧૮થી ૪૦ વર્ષ સુધી તેમણે નોકરી કરી, ધંધો કર્યો. ખૂબ ઘડાયા.

એ વખતે કડવા પાટીદાર સમાજ અનેક કુરિવાજોથી પીડાતો હતો. તેમણે પોતાના ઘરેથી જ કુરિવાજો નાબૂદ કરવા ઝુંબેશ ઉપાડી. બસ એ રસ્તે આગળ જતાં શિક્ષણનું જંકશન આવ્યું. છગનભાએ સામાજિક સુધારણા માટે કરેલા ઉપક્રમો અને કાર્યોની તો ઘણી લાંબી યાદી છે. સામાજિક સુધારાઓ શિક્ષણ અને કેળવણી વિના શક્ય બનતા જ નથી. આ બાબતથી છગનભા વાકેફ હતા અને તેથી જ તેમણે કડીમાં સર્વ વિદ્યાલયનો ૧૯૧૫માં પ્રારંભ કર્યો. તેઓ ગામડે-ગામડે ફરતા અને માતા-પિતાને વિનવતા કે તમારાં સંતાનોને ભણાવો. તેમણે કન્યાકેળવણીનું પણ મોટું કાર્ય કરેલું. સયાજીરાવ ગાયકવાડ અને મહાત્મા ગાંધી - બન્ને તેમનું કાર્યતપ જોઈને પ્રભાવિત થયેલા. બન્ને રૂબરૂમાં તેમનું વિદ્યાકાર્ય જોવા આવેલા. ગુજરાતમાં એવી ઘણી ઓછી સંસ્થાઓ હશે જ્યાં સયાજીરાવ ગાયકવાડ અને મહાત્મા ગાંધી બન્નેએ મુલાકાત લીધી હોય. છગનભાએ પ્રગટાવેલા જ્ઞાનદીપનું અજવાળું આજે પણ ગુજરાત માણી રહ્યું છે.

★★★

પાયો તો બરાબર નખાયો, પણ પછી તેના પર સુંદર અને મજબૂત ઈમારત પણ થવી જોઈએ. છોડ વાવ્યો, પણ તેનું ઘેઘૂર વૃક્ષ પણ થવું જોઈએ.

જો છોડની માવજત ના થાય, તેની કાળજી ના રખાય તો છોડ મૂરઝાઈ પણ જાય ! માણેકલાલ પટેલ નામના એક અન્ય વિદ્યા તપસ્વીએ છગનભાના તપને આગળ ધપાવ્યું. સામાન્ય ખેડૂત કુટુંબમાં જન્મેલા માણેકલાલભાઈ કડીનાં પંથકમાં 'સાહેબ' તરીકે ઓળખાતા. આ 'સાહેબ' એક પાવર હાઉસ જેવા હતા. કડી સર્વ વિદ્યાલયને કડી સર્વ વિશ્વવિદ્યાલય સુધી તેમણે પહોંચાડી. સરકારી ધોરણે યુનિવર્સિટીઓ સ્થપાય અને વિકસે એ તો ઠીક, પણ પ્રજાકીય ધોરણે સ્થપાયેલી સંસ્થા વિશ્વવિદ્યાલય સુધીની મજલ કાપે તે મોટી ઘટના કહેવાય. માણેકલાલભાઈએ હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવતાં પહેલાં પ્રાથમિક શાળાનું સાતમુ ધોરણ પાસ કર્યું હતું અને તેમાં સમગ્ર ગુજરાતમાં તેઓ બીજા નંબરે આવ્યા હતા.

પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે જોડાવા તેમણે અરજી કરી. લાયકાતની દૃષ્ટિએ તો નિમણૂકમાં સંદેહ જ નહોતો, પણ શારીરિક દુર્બળતાને કારણે તેમની પસંદગી ના થઈ ! નિયતિનો ખેલ તો જુઓ. જો તેઓ પ્રાથમિક શિક્ષક બન્યા હોત તો ગુજરાતને મોટા દરજ્જાનો કેળવણીકાર ના મળ્યો હોત ! બી.એ. એલ.એલ.બી. કરીને તેમણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અને પછી કડી મ્યુનિસિપાલીટીમાં ચીફ ઓફિસર તરીકે ફરજ બજાવી. તેઓ જે પણ કરતા નિષ્ઠાથી કરતા. તેઓ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન થયા પછી સંસ્થાની પ્રગતિમાં વેગ આવ્યો. સાહિત્યકાર ભોળાભાઈ પટેલ કહેતા કે તેમણે 'કર ભલા હોગા ભલા'ના મંત્રને મૂર્તિમંત કર્યો. તેઓ વધારે સમય પોતાના ઉદ્યોગોના વિસ્તારમાં આપીને અધિક ધનવાન થઈ શક્યા હોત પણ સર્વ વિદ્યાલયના વિકાસને જ તેમણે પોતાના જીવનનું ધ્યેય બનાવ્યું.

દેશ-વિદેશથી અનુદાન લાવ્યા. આધુનિક શિક્ષણ માટે જરૂર અનેક અભ્યાસક્રમો શરૂ કર્યા. તેમણે દૃષ્ટિપૂર્વક, ખૂબ જ જહેમત કરીને સંસ્થાને વિકાસાવી. સામાજિક નિસબત, કન્યા કેળવણી, નિષ્ઠા, ગુણવત્તા, પ્રામાણિકતા અને પારદર્શિતા... આ બધાં વાનાં બરાબર સાચવીને તેમણે સંસ્થાને 'વિશ્વવિદ્યાલય' સુધી પહોંચાડી. વ્યાપ વધે ત્યારે ગુણવત્તા ઘટતી હોય છે કે કથળતી હોય છે. શ્રી માણેકલાલે તેમ ના થવા દીધું. રઘુવીર

અનુસંધાન પાના નં. ૭ પર